ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૧૨.૧૧.૨૦૧૭

------------------

# "જુઠ્ઠુ બોલવુ, જોરથી બોલવું અને વારંવાર બોલવું" એ કોંગ્રેસની નીતિ રહી છે

------------------

**શ્રી રાહુલ ગાંધી અમેઠી-રાયબરેલીના ફોટા સાથે ગુજરાતમાં ચૂંટણી પ્રવાસે આવી ગુજરાતની જનતાને પોતાના મતવિસ્તારનો વિકાસ બતાવે પછી ગુજરાતના વિકાસની મજાક ઉડાવે – શ્રી પ્રકાશ જાવડેકરજી**

------------------

**કોંગ્રેસે ૧૯૭૫ માં દેશમાં ઇમરજન્સી લગાવીને લોકશાહીની હત્યા કરી હતી,
હવે કયા મોઢે મીડિયાની સ્વતંત્રતાની વાત કરે છે**

------------------

**રાહુલ અને કોંગ્રેસને દેશની જનતાએ બેરોજગાર બનાવી દીધી છે.
રોજગારીના ખોટા આંકડા આપીને દેશની જનતાને ગેરમાર્ગે ન દોરે – શ્રી પ્રકાશ જાવડેકરજી**

------------------

**કોંગ્રેસ જીએસટી કાઉન્સીલની મીટીંગમાં સહમતિ આપે છે અને
મીટીંગ પતાવીને બહાર આવી જીએસટીનો વિરોધ કરે છે**

------------------

**પર્યાવરણ એ રાજકારણનો મુદ્દો નથી**

------------------

**જનભાગીદારીથી જનનીતિ ઘડાઇ રહી છે, નવી શિક્ષણનીતિ દેશના યુવાનો માટે એક આદર્શ નીતિ સાબિત થશે**

------------------

કેન્દ્રીય માનવ સંશાધન મંત્રીશ્રી પ્રકાશ જાવડેકરજી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન અંતર્ગત ગઇ કાલે સૌરાષ્ટ્રમાં રાજકોટ અને આજે કર્ણાવતીની સાબરમતી વિધાનસભામાં ચાંદલોડીયા વિસ્તારમાં ઘરે-ઘરે જઇને જનસંપર્ક કર્યો હતો. નર્મદાના નીર સૌરાષ્ટ્ર અને કચ્છમાં પહોચાડીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ભગિરથ પ્રયાસ માટે શ્રી જાવડેકરજીએ લાખ-લાખ અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતુ કે, સૌરાષ્ટ્રના ખેડૂતોના ચહેરા પર સ્મિત જોઇને હું ગદગદ્ થઇ ગયો છું.

શ્રી જાવડેકરજીએ મીડિયા સેન્ટર ખાતે યુવાનો સાથે આગળ વધતું ગુજરાત પત્રિકાનું વિમોચન કર્યુ હતું. પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતુ કે, ગુજરાતે હંમેશા **"યુવાઓ કે લીયે – યુવાઓ કે સાથ"** રહીને ગુજરાતના વિકાસમાં યુવાનોના યોગદાનને બિરદાવ્યુ છે.

શ્રી જાવડેકરજીએ રાહુલ ગાંધીને ટાંકતા કહ્યું હતુ કે, કોંગ્રેસ બેરોજગાર થઇ ગઇ છે માટે તેમને ગુજરાતમાં રોજગારી નથી દેખાતી. દિલ્હીમાં એજન્ટોની આવક બંધ થઇ ગઇ છે માટે કોંગ્રેસ અકળાઇ ગઇ છે. રોજગારીના સાચા આંકડા મેળવીને રાહુલ ગાંધીએ રોજગારી વિશે વાત કરવી જોઇએ. એમ ને એમ કંઈપણ બોલીને જુઠ્ઠાણા ફેલાવવા ન જોઇએ. હાલમાં જ આવેલા મેકેન્જીના રિપોર્ટ વિશે માહિતી આપતા જણાવ્યું હતુ કે, માત્ર એક મુદ્રા યોજના થકી જ કેન્દ્ર સરકારે ૯ કરોડથી વધુ લોકોને કોઇપણ જામીન વગર નાણાકીય સગવડો આપી છે અને ૭ કરોડ જેટલી રોજગારી ઉભી કરવામાં સફળતા મેળવી છે. વર્ગ-૩ અને ૪ માં ઇન્ટરવ્યુ પ્રથા બંધ કરીને કોંગ્રેસના શાસનમાં સરકારી નોકરીમાં ચાલતાં ભ્રષ્ટાચાર, પરિવાદવાદ, લાગ-લગાવને ડામવામાં સફળ થયા છીએ. માત્ર ગુજરાતમાં ૨૬ લાખ લાભાર્થીઓને મુદ્રા યોજનાના લાભો મળ્યા છે અને નવી ૧૩.૫ લાખ જેટલી રોજગારીની તકો ઉભી થઇ છે. યુપીએના ૧૦ વર્ષના શાસનમાં ગુજરાતને ૮ થી પણ વધુ વર્ષ સુધી સૌથી વધુ રોજગાર આપનાર રાજ્યના પ્રમાણપત્ર કોંગ્રેસની કેન્દ્ર સરકારે એનાયત કરેલ છે એ રાહુલ ગાંધીને ખ્યાલ હોવો જોઇએ.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી જાવડેકરજીએ કોંગ્રેસનો પર્દાફાશ કરતા જણાવ્યું હતુ કે, જુઠ્ઠુ બોલવુ, જોરથી બોલવું અને વારંવાર બોલવું એ કોંગ્રેસની નીતિ રહી છે. આજે શ્રી રાહુલ ગાંધીએ કહ્યું કે, ભાજપા મીડિયા પર અંકુશ લગાવે છે તેની સામે તિવ્ર પ્રત્યાઘાત આપતા શ્રી જાવડેકરજીએ જણાવ્યુ; હતુ કે, રાહુલ ગાંધીને યાદ હોવું જોઇએ કે તેમના દાદીજી શ્રીમતી ઇન્દિરા ગાંધીએ લોકશાહીની હત્યા કરીને ઇમરજન્સી લગાવી હતી મીડિયાની સ્વતંત્રતા છીનવી હતી.

શ્રી જાવડેકરજીએ તેમના પિતાજીને યાદ કરતા જણાવ્યું હતુ કે, ૧૯૭૫ માં કેસરી સમાચારમાં તેમના પિતાજી સંપાદન વિભાગમાં કાર્યશીલ હતા ત્યારે, પોલીસ આવીને ત્યાં બેસી જતી હતી અને એક-એક ખબરને ચકાસણી કરી સરકારી વિરૂધ્ધની ખબરોને છપાવવા દેતી ન હતી. રાહુલ ગાંધી કયા મોઢે લોકશાહીની વાત કરે છે.

વિકાસને કોંગ્રેસે મજાક બનાવ્યો છે તે અંગે શ્રી જાવડેકરજીએ રાહુલ ગાંધીને ખુલ્લી ચેલેન્જ આપી હતી કે, રાહુલ ગાંધી ગુજરાતમાં ચૂંટણી પ્રચારે આવે ત્યારે અમેઠી અને રાયબરેલી કે જ્યાં ૫૦ વર્ષથી પણ વધુ તેમના જ એક પરિવારનો શાસન રહેલું છે તેના ફોટા સાથે લઇ આવે. ગુજરાતીઓને આપોઆપ સમજાઇ જશે કે કોંગ્રેસે ૫૦ વર્ષમાં પોતાના જ મતક્ષેત્રમાં શું કર્યુ છે ? તે દેશ અને ગુજરાતનું શું ભલું કરશે ? કોંગ્રેસ એ સત્તાને બાપની બપોતી સમજી બેઠી હતી પણ દેશની જનતા હવે આવી જુઠ્ઠી કોંગ્રેસને જાણી ચૂકી છે.

રાહુલ ગાંધી ગુજરાત આવીને જીએસટીના એકદર ૧૮ ટકા વિશે વાત કરે છે. તો ત્યારે મારે તેમને પુછવું છે કે, શુન્ય ટકા, પાંચ ટકા અને ૧૨ ટકામાં આવતી વસ્તુઓને શું તે ૧૮ ટકામાં લાવવા માંગે છે ? શું તે વસ્તુઓને મોંઘી કરવા માંગે છે ? કોંગ્રેસના બતાવવાના અને ચાવવાના જુદા છે. કોંગ્રેસ જીએસટી કાઉન્સીલની મીટીંગમાં સહમતિ આપે છે. અને મીટીંગ પતાવીને બહાર આવી જીએસટીનો વિરોધ કરે છે. આવી બેધારી નીતિવાળી કોંગ્રેસ પ્રજા સમક્ષ ખુલ્લી પડી છે.

શ્રી જાવડેકરજીએ જણાવ્યું હતુ કે, નર્મદા યોજના થકી આજે ગુજરાતના ૧૦ હજારથી વધુ ગામડાઓ, ૧૭૩થી વધુ શહેરો, ૧૭ જીલ્લાઓ, ૧૦ લાખથી વધુ ખેડૂતો અને ૧૮ લાખથી વધુ હેકટર જમીનને પીવાના તેમજ સિંચાઇના લાભો મળવાના છે. ત્યારે મારે કોંગ્રેસને પુછવું છે કે, ગુજરાતની જનતા જાણવા માંગે છે કે, શા માટે આટવા વર્ષોથી નર્મદા યોજનાને અટકાવી રાખી ? શા માટે નર્મદા યોજના પર દરવાજા ન મુકવા દીધા ? નર્મદાએ ગુજરાત અને ગુજરાતીઓની જીવાદોરી સમાન છે.

શ્રી જાવડેકરજીએ ગુજરાત નંબરની વિગતો આપતા જણાવ્યું હતુ કે, ગુજરાત મેરિટના આધારે નંબર વન છે. ભાજપાએ પોતાનું મેરિટ બતાવ્યું છે. કોંગ્રેસના શાસનમાં ૧૯૯૫ પહેલાની પરિસ્થિતિ અને ભાજપાના શાસનની ૨૦૧૭ ની પરિસ્થિતિનો તુલનાત્મક અભ્યાસ કરતાં બધું જ સ્પષ્ટ થાય છે. કોંગ્રેસના શાસનમાં ૪૧ હજાર સરકારી શાળાઓ હતી અને અત્યારે ૫૮ હજાર સરકારી શાળાઓ છે. આમ ૧૭ હજાર જેટલી સરકારી શાળાઓની સંખ્યા વધી છે. કોંગ્રેસ માત્ર ભ્રામકતા ફેલાવે છે.

ફી નિયમન અંગેના પ્રશ્નનો જવાબ આપતા શ્રી જાવડેકરજીએ જણાવ્યું હતુ કે, આ મુદ્દો કોર્ટમાં પેન્ડીંગ છે અને કેન્દ્ર સરકાર આ મુદ્દે ખુબ જ સંવેદનશીલ છે. બીજા એક પ્રશ્નના જવાબમાં શ્રી જાવડેકરજીએ જણાવ્યું હતુ કે, દિલ્હીમાં પર્યાવરણ અંગે ઉદભવેલી પરિથસ્તિએ દિલ્હી આસપાસના પાંચ રાજ્યોમાં પરાવી બાળવાના કારણે અને દિલ્હીની ભૌગોલિક પરિસ્થિતિના કારણે ઉદભવી છે. સરકાર તે અંગે સતત ચિંતિત અને કાર્યશીલ છે. આવનારા ભવિષ્યમાં તેનું સમાધાન થશે, પર્યાવરણ એ રાજકારણનો મુદ્દો નથી.

શિક્ષણનીતિ અંગે પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતા શ્રી જાવડેકરજીએ જણાવ્યું હતુ કે, ડૉ. કસ્તુરીનંદનના વડપણ હેઠળ નિમાયેલી ૮ સભ્યોની કમિટિ સતત કાર્યશીલ છે. પ્રજાજનોના સુઝાવો લીધા છે. જનભાગીદારીથી જનનીતિ ઘડાઇ રહી છે. મારુ એવુ માનવુ છે કે, ૨૦૨૦ થી ૨૦૪૦ સુધી ૨૦ વર્ષમાં નવી શિક્ષણ નીતિ દેશ માટે, દેશના યુવાનો માટે એક આદર્શ શિક્ષણનીતિ સાબિત થશે.

આજરોજ પત્રકાર પરિષદમાં પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડયા, પ્રદેશ પ્રવક્તાશ્રી ડૉ. જગદીશ ભાવસાર, મીડિયા ઇન્ચાર્જ ડૉ. હર્ષદ પટેલ, ડીબેટ ટીમના સભ્યશ્રી મહેશ કસવાલા, એડવોકેટશ્રી વિજય શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૧૨.૧૧.૨૦૧૭

----------------------

## "ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન" - ખેડા જીલ્લાના કઠલાલમાં મુખ્યમંત્રીશ્રીનું ભવ્ય સ્વાગત કરાયુ

----------------------

## ભાજપાના વિકાસ અને રાષ્ટ્રવાદના સંદેશાને ઘેર-ઘેર પહોચાડાયો

----------------------

ભાજપા દ્વારા ૭ થી ૧૨ નવેમ્બર સમગ્ર ગુજરાતમાં હાથ ધરવામાં આવેલ ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનના અંતિમ દિવસે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ખેડા જીલ્લાના કઠલાલ ખાતે અભિયાનમાં જોડાઇ ભાજપાની વિકાસ અને રાષ્ટ્રવાદની કાર્યપધ્ધતિને જનજન સુધી પહોચાડી હતી. કઠલાલ ખાતે ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી શ્રી બિમલભાઇ શાહ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીનું કઠલાલના પ્રજાજનો, યુવાનો, મહિલાઓએ કુમકુમ તિલક કરી, સાફો પહેરાવી વિવિધતા સભર સ્વાગત કર્યુ હતું.

**"ભારત માતા કી જય"** અને **"વંદે માતરમ"** ના નારા સાથે સમગ્ર કઠલાલનું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતુ. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સ્વાગત-સન્માનના પ્રત્યુત્તરમાં કઠલાલના નાગરિકોને સંબોધતા જણાવ્યું હતુ કે, વિકાસ એ ભાજપાનો મિજાજ છે અને ગુજરાતની જનતાને તેના આશિર્વાદ છે. ભાજપા હકારાત્મકતા અને પ્રગતિના માર્ગે ચાલે છે જ્યારે કોંગ્રેસ નકારાત્મકતા અને વિવાદના માર્ગે કાર્ય કરે છે. કોંગ્રેસના ગુજરાત વિરોધી, વિકાસ વિરોધી વલણને ખેડાના મતદારો અને સમગ્ર રાજ્યના મતદારો જાકારો આપી ગુજરાતનું ગૌરવ વધારે તેવી કઠલાલના નગરવાસીઓને અપીલ કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૧૨.૧૧.૨૦૧૭

---------------------

# કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી જગતપ્રસાદ નડ્ડાએ ભાજપાના મીડિયા સેન્ટરની મુલાકાત લીધી

---------------------

ગુજરાત વિધાનસભાની ૨૦૧૭માં યોજાનાર ચૂંટણી માટે ભાજપા દ્વારા થલતેજ ખાતે નિર્માણ કરવામાં આવેલ ભાજપા મીડિયા સેન્ટરની આજરોજ કેન્દ્રના આરોગ્ય પ્રધાન અને ભાજપાના વરિષ્ઠ નેતાશ્રી જગતપ્રસાદ નડ્ડાએ બપોરે ૩.૦૦ કલાકે મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેઓએ મીડિયા સેન્ટરના વિવિધ વ્યવસ્થા વિભાગોનું નિરીક્ષણ કરી કાર્યકરોને માર્ગદર્શન આપ્યુ હતું.

શ્રી જગતપ્રસાદ નડ્ડાનું મીડિયા સેન્ટરના વ્યવસ્થા ઇન્ચાર્જશ્રી સુનિલભાઇ શાહે સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે મીડિયા ઇન્ચાર્જ ડૉ. હર્ષદભાઇ પટેલ, ડીબેટ ટીમના સભ્યો શ્રી ડૉ. અનીલ પટેલ, ડૉ. હેમંત ભટ્ટ, ડૉ. ધર્મેન્દ્ર ગજ્જર, ડૉ. કમલેશ રાજગોર, શ્રી વિક્રમ જૈન સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા.૧૨.૧૧.૨૦૧૭

-----------------

**કર્ણાવતી મહાનગરમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે. પી. નડ્ડાજી સાથે અગ્રણી ડોક્ટરમિત્રોનો વાર્તાલાપ યોજાયો**

-----------------

કર્ણાવતી મહાનગર ભાજપા ડોકટર સેલના કન્વીનર ડો. ધર્મેન્દ્ર ગજ્જરે જણાવ્યું છે કે, આજરોજ રાજપથ ક્લબ, બેન્કવેટ હોલ ખાતે કર્ણાવતી મહાનગરનાં મેડીકલના વિવિધ ક્ષેત્રોના ડોકટર્સ સાથે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જગતપ્રકાશ નડ્ડાજીના માહિતીસભર વાર્તાલાપનું આયોજન થયું હતું.

મહાનગરના ૭૦ થી વધુ અગ્રણી ડોકટર્સ સાથે કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રીએ મેડીકલને લગતાં વિવિધ આયામો અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈનાં નેતૃત્વમાં કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા આરોગ્ય ક્ષેત્રે લેવાયેલા વિવિધ કલ્યાણકારી પગલાઓ અંગે ઘનિષ્ઠ ચર્ચા વિચારણા કરી હતી.

એન્જીયોગ્રાફીનાં સ્ટેન્ડની કિંમતમાં ભારે ઘટાડો, ઘુંટણના સાંધાઓની સર્જરીમાં વપરાશમાં લેવાતા ઇમ્પ્લાન્ટસની કિંમતમાં ભારે ઘટાડો, જીલ્લા સ્તરે તથા વિકેન્દ્રિત સ્તરે વ્યાજબી કિંમતમાં ગરીબ-મધ્યમવર્ગીય પરીવારને મળવાપાત્ર દવાઓની વ્યવસ્થા માટે જનઔષધિ સ્ટોર્સ, જનની સુરક્ષા યોજના, મિશન ઇન્દ્રધનુષ હેઠળ નવજાત શીશુઓને સુરક્ષિત રસીકરણ સહીત કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારનાં અનેક પ્રજાલક્ષી આરોગ્ય વિષયક કલ્યાણકારી પગલાંઓ વિશે તેમણે સૌને માહિતગાર કર્યા હતાં.

ઉપસ્થિત સૌ અગ્રણી ડોકટર્સ મિત્રોએ સરકારની વિવિધ યોજનાઓને સહર્ષ આવકારી હતી. ક્લીનીકલ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ ડોકટર્સની રજૂઆતનોને ધ્યાનમાં લેવા,સમાજમાં વધી રહેલ ડોકટર્સ પરના શારિરીક હુમલાઓ સંબંધે રજુઆત, મેડીકલ એજ્યુકેશનમાં ખાનગી પ્રેક્ટીસ કરતા ખ્યાતનામ ડોકટર્સને શામેલ કરવા સંબંધી રજૂઆત સહીત અનેક રચનાત્મક સૂચનો ઉપસ્થિત ડોકટર મિત્રોએ કર્યા હતાં. કેન્દ્રીય આરોગ્યમંત્રીશ્રી જે.પી.નડ્ડાજીએ આ તમામ બાબતો અંગે સરકારની સક્રીયતા અને સૌ ડોકટર મિત્રોને સાથે લઇને પ્રશ્નો હલ કરવાની હૈયાધારણ સૌને આપી હતી.

ઉપસ્થિત વાર્તાલાપમાં પદ્મશ્રી વિજેતા ડો. બી.સી.રોય એવોર્ડ વિજેતા, કાર્ડિયો થોરેસીક સર્જન, ઓર્થોપેડીક સર્જન, ગાયનેકોલોજીસ્ટ, યુરોલોજીસ્ટ, પિડીયાટ્રીશીયન, ફિઝીશીયન મિત્રો સહીત વિવિધ સ્પેશ્યાલીસ્ટના અગ્રણી ડોકટર મિત્રો હાજર રહયાં હતાં.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. અનિલ પટેલ તથા ડો. ધર્મેન્દ્ર ગજ્જરે કર્યુ હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ તા.૧૨.૧૧.૨૦૧૭

------------

**કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ મહામંત્રીશ્રી મનસુખ માંડવીયાજીએ ભાજપાના મીડિયા સેન્ટરની મુલાકાત લઇને જરૂરી દિશાનિર્દેશ આપ્યા**

------------

મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, ગુજરાતમાં ડીસેમ્બર ૨૦૧૭ માં યોજાનાર વિધાનસભા ચૂંટણીના પર્વ નિમિતે શરૂ કરાયેલ ભાજપાના થલતેજ સ્થિત રાજ્યસ્તરના મીડિયા સેન્ટરની મુલાકાતે આજે બપોરે ૪.૦૦ કલાકે કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ મહામંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા પધાર્યા હતા.

શ્રી મનસુખભાઇનું મીડિયા સેન્ટર ખાતે મીડિયા સેન્ટરના વ્યવસ્થા ઇન્ચાર્જશ્રી સુનિલભાઇ શાહે સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે મીડિયા ઇન્ચાર્જ ડૉ. હર્ષદ પટેલ, પ્રદેશ પ્રવક્તાશ્રી જગદીશભાઇ ભાવસાર, ડીબેટ ટીમના સભ્યશ્રી ડૉ. હેમંતભાઇ ભટ્ટ સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ વ્યવસ્થાના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૬ તા.૧૨.૧૧.૨૦૧૭

---

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનો ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વેનો શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ સાથેનો સંવાદ કાર્યક્રમ પૂર્ણ**

---

**૬ દિવસના સંગઠનાત્મક પ્રવાસમાં ૪૧ જીલ્લા/મહાનગરોના ૨૮,૬૩૯ શક્તિકેન્દ્રના ઇન્ચાર્જશ્રીઓને માર્ગદર્શન આપ્યું**

---

**૩/૪ થી વધુ બેઠકો જીતીને ભાજપાને ભવ્યાતિભવ્ય જીત અપાવીને ગુજરાતમાં ઇતિહાસ રચવા કરી હાકલ**

---

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે વિધાનસભાની ચૂંટણીઓ પુર્વેના સંગઠનાત્મક પ્રચારના અંતિમ દિવસે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને પાટણ જીલ્લાના શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જોને ડીસા ખાતે તેમજ અમદાવાદ જીલ્લા, ગાંધીનગર શહેર, ગાંધીનગર જીલ્લા અને મહેસાણા જીલ્લાના શક્તિકેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓને ટાઉનહોલ, ગાંધીનગર ખાતે માર્ગદર્શન આપ્યુ હતું.

શ્રી શાહે કાર્યકરોમાં જોશ અને ઉત્સાહનો સંચાર કરતાં જણાવ્યું હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે છેલ્લા સાડા ત્રણ વર્ષમાં એકપણ એવું કામ કર્યુ નથી કે ભાજપાના કાર્યકર તરીકે આપણે માથુ નીચુ કરવુ પડે. ભાજપાની આજે ૧૮ રાજ્યોમાં સરકારો છે, ૧૧ કરોડ સભ્યો સાથેની વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી છે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રજાલક્ષી અને ગરીબલક્ષી યોજનાઓને આજે સમગ્ર દેશમાં આવકાર મળી રહ્યો છે. ભ્રષ્ટાચાર અને કાળાનાણાં પર સતત કડક નિર્ણયો લઇને દેશને ઇમાનદારી તરફ વાળી આગળ વધી રહ્યા છીએ. ગુજરાતની પ્રજાનો પ્રેમ અને વિશ્વાસ સતત આપણી સાથે છે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વવાળી ભાજપા સરકારે વિવિધ પ્રજાલક્ષી યોજનાઓ થકી ગુજરાતના વિકાસને આગળ ધપાવવામાં સતત કાર્યશીલ છે, વિવિધ કલ્યાણકારી યોજનાઓ અત્યારે અમલમાં છે. ભાજપાની આગેવાની હેઠળ ગુજરાતમાં સર્વસમાવેશક વિકાસ થયો છે. ત્યારે, ગુજરાતમાં ૩/૪ થી વધુ બેઠકો જીતાડીને ભવ્યાતિભવ્ય વિજય સાથે ગુજરાતમાં એક નવો ઇતિહાસ સ્થાપવાની હાકલ શ્રી શાહે શક્તિકેન્દ્રના ઇન્ચાર્જશ્રીઓને કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૭ તા.૧૨.૧૧.૨૦૧૭

------------------

**ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન અંતર્ગત ભાજપા મહિલા મોરચાની રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી વિજ્યા રાહતકરજી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રીમતી કૌશલ્યા કુંવરબાએ જનસંપર્ક કર્યો હતો**

------------------

મીડિયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, ભાજપા મહિલા મોરચાની રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી વિજ્યા રાહતકરજી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રીમતી કૌશલ્યા કુંવરબા, પ્રદેશ મહિલા મોરચાના ઉપાધ્યક્ષ શ્રીમતી અરૂણાબેન ચૌધરીએ આજે સિદ્ધપુર ખાતે વોર્ડ નંબર - ૩, ૪, ૫ ના આશરે ૧૫ બુથમાં ઘરે-ઘરે જઇને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો સંદેશો તેમજ ગુજરાતના વિકાસ કામોને વર્ણવતી પત્રિકા વહેંચીને સીધો જનસંપર્ક કર્યો હતો.

આજના આ જનસંપર્ક અભિયાનમાં મોટી સંખ્યામાં મહિલા મોરચાની કાર્યકર્તાઓ જોડાઇ હતી. આ જનસંપર્ક અભિયાન દરમ્યાન મહિલાઓનો ખૂબ પ્રેમ સાંપડ્યો હતો. ભાજપા મહિલા સશક્તિકરણ માટે હંમેશા કાર્યશીલ રહી છે. **''બેટી બચાવો બેટી પઢાવો''**, કન્યા કેળવણી જેવી વિવિધ મહિલાલક્ષી યોજનાઓ ભાજપા સરકારે લાગુ કરી છે અને તે થકી ગુજરાતમાં મહિલા સાક્ષરતા દરમાં વધારો થયો છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મહિલાઓને ૫૦ ટકા અનામત આપવામાં આવે છે. પોલીસ ભરતીમાં પણ મહિલાઓને ૩૩ ટકા અનામત આપીને ગુજરાત સરકારે મહિલા સશક્તિકરણ માટે વિવિધ પગલાંઓ લીધા છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ